**મે. સુરતના દસમાં અધીક સીવિલ જજ અને જ્યુડી. મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં**

ફોજદારી કેસ નં.: ૧૨૭૮૫/૨૦૨૨

આંક: ૦૯

ફરીયાદી : સરકારશ્રી

વિરૂધ્ધ

આરોપીઓ : ૧) નટુભાઈ અમરસિંહભાઈ સોલંકી (૨) બાબુભાઈ કેશુભાઈ સોલંકી (૩) મનસુખભાઈ બેચરભાઈ ચૌહાણ (૪) સંજયભાઈ તાતેરાવ પાટીલ

**ગુન્હો : જુગારધારા ની કલમ ૧૨ મુજબનો**

**::- ચુકાદો -::**

ફરીયાદપક્ષ ના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ સામે ઉપરોક્ત ગુનાનું તહોમતનામું છે. આરોપીઓ અદાલતમાં હાજર થતાં આરોપીઓ ને પોલીસ પેપર્સ ની નકલો આપ્યા બાદ તેઓ પોતાનો ગુનો કબુલ કરવા માંગતા હોય તે મુજબની આંક- ૦૭ કબુલાત પુરસીસ રજુ કરતા તેની સામેના ગુના અંગે આંક - ૦૩ થી ૦૬ પ્લી રેકર્ડ કરી ગુનાની હકીકત વાંચી, સંભળાવી સમજાવતા આરોપીઓ એ સદર ગુના સ્વખુશીથી કબુલ કરેલ છે. જેથી આરોપીની આ કબુલાત ન માનવાને કોઈ કારણ નથી. જેથી આરોપીઓ ને તેની સામેના સદર ગુના અંગે ગુનેગાર ઠરાવી સજા અંગે પુછતા આરોપી જણાવે છે કે, પોતે ગરીબ માણસ છે. આ પ્રથમ ગુનો છે. થયેલ ભુલ બદલ પસ્તાવો વ્યકત કરી હવે પછી આવી ભુલ નહી થાય તેની ખાત્રી આપે છે. તેમજ પોતાને ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ ગુજારેલ છે. જે તમામ સંજોગો તથા કેસની હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ ન્યાય ના હિતમાં કરવામાં આવે છે.

**::- આખરી ચુકાદો -::**

આરોપીઓને ક્રિ.પો.કોડની કલમ ૨૫૨ મુજબ જુગારધારા ની કલમ ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને રૂ.૨૦૦/– (અંકેરૂપીયા બસો પુરા) નો દંડ ની સજાનો હુકમ કરવામાં આવે છે. દંડ ન ભરે તો દિન –૧ ની સાદી કેદની સજાની ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

તા. : ૧૨/૦૩/૨૦૨૨
સ્થળ: સુરત

**(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)**
૧૦માં અધિક સીવિલ જજ અને
જ્યુડી. મેજી.ફ.ક., સુરત
(GJ01609)